It's OK to ask...

# me + my medicines

## Me + My Medicines શું છે?

Me + My Medicines એ દર્દીઓ દ્વારા બનાવેલી, દર્દીની આગેવાની હેઠળ અને આરોગ્ય વ્યવસાયિ દ્વારા સમર્થિત એવી ઝુંબેશ છે જે દર્દીઓને તેમની પ્રિસ્ક્રિપ્શનની દવાઓમાંથી વધુ લાભ અને વધુ મૂલ્ય મેળવવામાં મદદ કરે છે.

મેડિસિન કોમ્યુનિકેશન ચાર્ટર દર્દીઓને પ્રશ્નો પૂછવા માટે પ્રોત્સાહિત કરે છે, અને ચિકિત્સકોને લોકોને તેમની દવાઓ વિશે પૂછવા માટે, તેમની દવાઓ સાથે સંબંધિત કોઈપણ સમસ્યાઓને દૂર કરવા માટે સહિયારા અભિગમ સાથે સંમત થવા માટે સમર્થન આપે છે.

## ચાર્ટર

તમારા આરોગ્ય વ્યવસાયી તરીકે હું આપણને તમારી દવાઓમાંથી શ્રેષ્ઠ લાભ મેળવવામાં મદદ મળી રહે તેવું કરવા માંગુ છું અને તેવું કરવા માટે આપણે સાથે મળીને કામ કરવાની જરૂર છે.

તમારા આરોગ્ય વ્યવસાયી તરીકે હું તમને તમારી દવાઓ સાથે સંબંધિત મદદ અને સલાહ આપી શકું છું. જ્યારે તમારી દવાઓ તમને અને તમારા રોજિંદા જીવનને કેવી રીતે અસર કરે છે તેની સાથે સંબંધિત તમારા અનુભવ અને મંતવ્યોની વાત આવે ત્યારે તમે નિષ્ણાત છો.

જો તમે દવાઓ પ્રત્યેની તમારી સમજ અને લાગણી વિશે પ્રમાણિક રહેશો તો મને તમારી પરિસ્થિતિને વધુ સારી રીતે સમજવામાં અને તેને વધુ સારી બનાવવામાં મદદ મળશે.

હું તમારી વાત સાંભળીશ અને તમે મને જે કહેશો તેનો આદર કરીશ જેથી આપણે જવાબદારીને વહેંચી શકીએ અને તમારી દવાઓમાંથી શ્રેષ્ઠ લાભ મેળવવા માટે સાથે મળીને કામ કરી શકીએ.

આવું કરવાથી આપણને તમારી દવાઓ વિશે ખુલ્લા મનથી વાતચીત કરવામાં મદદ મળશે, જેથી તમને એવા આત્મવિશ્વાસનો અનુભવ થશે કે આપણે સાથે મળીને જે નિર્ણય લઈએ છીએ તે તમારા શ્રેષ્ઠ હિતમાં છે અને તે તમારા સંજોગો પર આધારિત છે.

This was shared with: ........................................ on: ..................................
આને આમની સાથે શેર કરવામાં આવ્યું હતું: ........................ આના પર: ..............................

by: ........................................................................................................
આમના દ્વારા: ..............................................................................................

Health Innovation Network

# નોંધો

Read aloud version access કરવું

It's OK to ask...

me + my medicines

Health Innovation Network